# યુસુફે ઝહરા

## ઈમામ મહદી (અ.સ.)

૧.માહે રમઝાનમાં દરરોજ રાત્રે પઢવાની દોઆ
૨.દોઆ એ ઈફ્તેતાહ
૩.માહે રમઝાનમાં દરરોજ રાત્રે પઢવાની દોઆ
૪.માહે રમઝાનમાં દરરોજ રાત્રે પઢવાની નમાઝ અને દરરોજ પઢવાની દુઆ
૫.ઝિયારતે આલે યાસીન
૬.દોઆએ અહદ

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

# ૧. માહે રમઝાનમાં દરરોજ રાત્રે પઢવાની દોઆ

અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

અય અલ્લાહ ! મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર સલવાત મોકલ. અય અલ્લાહ ! અય માહે રમઝાનના માલિક કે જે (મહીના)માં તે કુરઆન નાઝીલ કર્યુ અને તે આ મહિનામાં તારા બંદાઓ માટે રોઝા વાજીબ કર્યા. મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર સલવાત મોકલ. મને તારા માનવંત ઘર કા'બાની હજનું રીઝક અતા કર આ વર્ષે તથા આવનારા બધા વર્ષોમાં પણ અને મારા અત્યાર સુધીના તમામ મોટા ગુનાહોને માફ કરી આપ, કારણ કે એમાં કોઇ શક નથી કે તારી સિવાય તેને બીજું કોઇ માફ કરી શકે તેમ નથી. અય રહમાન ! અય બધુ જ જાણનાર !

# ૨.દોઆ એ ઇફતેતાહ

અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

અય અલ્લાહ ! મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર સલવાત મોકલ. અય અલ્લાહ ! ખરેખર હું તારી પ્રશંસા વડે વખાણની શરૂઆત કરૂ છું અને તુ તારા એહસાન અને ઉદારતા વડે સીધા રસ્તા તરફ માર્ગદર્શન આપનાર છો અને હું યકીન રાખું છું કે તુજ નિઃશંકપણે માફી અને રહમતના મૌકાઓમાં રહમ કરનારાઓમાં સૌથી વધારે રહમ કરનાર છો અને શિક્ષા અને અઝાબના સમયે સૌથી સખત સજા કરનાર છો અને ઉચ્ચતા તથા મહાનતામાં સૌથી વધારે બુઝુર્ગ છો. અય અલ્લાહ ! તે મને તારી પાસે આજીજી કરવાની અને તારી પાસે માંગવાની પરવાનગી આપી છે. તો પછી સાંભળી લે મારી પ્રશંસાને, અય બધુ જ સાંભળનાર ! અને પૂરી કર મારી માંગણીઓને, અય ખૂબ જ દયાળુ ! અને મારી ખતાઓ (ભુલો) ને દરગુઝર કરી દે, અય ખૂબ જ માફ કરનાર ! અય મારા મઅબુદ ! કેટલીય એવી ગૂંચવાયેલી મુસીબતોને તે ઉકેલી દીધી, અને કેટલાય એવા ગમ અને વ્યાધિઓને તે હટાવી દીધા. અને કેટલીય એવી ભૂલો છે જેને તે દરગુઝર કરી દીધી અને કેટલીય એવી રહમત છે જેને તે ફેલાવી દીધી, અને કેટલીય એવી બલાઓ (મુસીબતો)ની સાંકળો છે, જેને તે ખોલી નાખી.

(દરેક) વખાણ અલ્લાહ માટે છે, જેણે પત્નિ કે સંતાન અપનાવ્યા નથી અને સૃષ્ટિમાં કોઇ તેનો ભાગીદાર નથી. અને ન તો તેની નબળાઇના લીધે તેના કોઇ સાથી છે, તો પછી તેની પ્રશંસા કરો, ઉચ્ચ પ્રશંસા. (તમામ) વખાણ અલ્લાહ માટે છે તેની દરેક પ્રશંસા વડે તેની તમામ નેઅમતો ઉપર. (દરેક) વખાણ અલ્લાહ માટે છે જેના રાજ્ય (મુલ્ક)માં તેનો કોઇ વિરોધી નથી અને તેના હુકમમાં કોઇ તેની સામે દલીલ કરનાર નથી. (તમામ) વખાણ અલ્લાહ માટે છે, જેનો તેની મખ્લુક (સર્જન)માં કોઇ ભાગીદાર નથી અને તેની ઉચ્ચતામાં તેની જેવા કોઇ નથી. (તમામ) વખાણ અલ્લાહ માટે છે, જેનો હુકમ તેની મખ્લુક ઉપર નાફીઝ (અમલીકરણ) છે. અને તેની પ્રશંસા તેના કરમથી દરેક ઉપર જાહેર થાય છે. તેણે પોતાનો હાથ સખાવતની સાથે વિશાળ (ખુલ્લો) રાખ્યો છે. તે કે જેના ખઝાના ઓછા થતાં નથી. (બલ્કે) તેનું વિપુલતાથી અતા કરવું તેની ઉદારતા અને સખાવતમાં વધારો કરે છે. ખરેખર તે ખૂબ જ માનવંત અને ખૂબ જ આપનાર છે. અય અલ્લાહ ! ખરેખર હું તારી પાસે ખૂબ વધારેમાંથી માત્ર થોડાંની માંગણી કરૂ છું, પરંતુ મારે તે વસ્તુઓની ખૂબ જ વધારે જરૂરત છે. જયારે કે તુ તો તેનાથી હંમેશ માટે બેનિયાઝ છો. અને તે મારા માટે ઘણું જ વધારે છે, પરંતુ તે તારા માટે ખુબ જ સહેલુ અને આસાન છે.

અય અલ્લાહ ! ખરેખર મારા ગુનાહો પ્રત્યે તારી માફી, અને મારી ભૂલો તરફ તારૂ નજરઅંદાજ કરી દેવું અને મારા ઝુલ્મની સામે તારૂં ભૂલાવી દેવું, અને મારા ધૃણાસ્પદ કાર્યની સામે તારૂં છુપાવી દેવું અને મારા અઢળક ગુનાહોની સામે તારી ધીરજ એ સમયે કે જયારે જાણતા કે અજાણતા (ગુનાહો) કર્યા હોય. મને એ લાલચ અપાવે છે કે હું તારા એ કરમનો સવાલ કરૂં, જેનો હું લાયક નથી. એ કે જાણે પોતાની રહમત વડે મને રિઝક અતા કર્યું. અને તારી (સંપૂર્ણ) કુદરતથી મને દેખાડી દીધુ, અને તારી સ્વીકૃતિથી મને ઓળખ કરાવી. તેથી મેં ખુબ જ નિર્ભયતાની સાથે દોઆ (અને) આજીજી શરૂ કરી દીધી છે અને અત્યંત લાગણી પૂર્વક માંગણી કરવા લાગ્યો છું કોઇપણ ભય કે ખતરા વગર, બલ્કે ભરોસાની સાથે મારા હેતુને તારી સમક્ષ રજૂ કર્યો છે. પછી જો મારી દોઆ કબૂલ થવામાં વાર લાગે છે, તો હું મારી અજ્ઞાનતાના કારણે તારી ઉપર આક્ષેપ કરવા લાગુ છું અને કદાચ તેમાંજ મારા માટે ભલાઇ હોય છે, કારણ કે તમામ કાર્યોના અંજામથી તુ સારી રીતે માહિતગાર છો. બસ ! મેં તારી જેવો કરીમ (ઉદાર) મૌલા નથી જોયો, જે તુચ્છ બંદા (ગુલામ)ને તારી જેમ સહન કરતો હોય.

અય મારા રબ! ખરેખર તુ મને બોલાવો છો, તો હું તારાથી મોઢું ફેરવી લઉ છું. અને તુ મારાથી મોહબ્બતનો ઇઝહાર કરો છો, પરંતુ હું તારી પ્રત્યે નફરતનો વર્તાવ જાહેર કરૂ છું. અને તુ મારી સમક્ષ તારી મવદદતને દેખાડે છે, તો હું તેનો અસ્વીકાર કરૂં છું, જાણે કે મારો કોઇ ઉપકાર તારી ઉપર હોય. તેમ છતાં આ તમામ બાબતો રહમત અને એહસાન અને બક્ષીસને તારી સખાવત

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

અને ઉદારતાના કારણે મારા સુધી પહોંચતા અટકાવતી નથી, તો પછી તારા જાહીલ બંદા ઉપર રહમ કર અને તારા વધારે એહસાન વડે તેના પર કરમ કર !

ખરેખર તું ઉદાર, મહેરબાન છો. (સઘળા) વખાણ અલ્લાહ માટે છે, જે મુલ્કનો માલિક છે, કશ્તીઓને ચલાવનાર છે, હવા ઉપર કાબુ ધરાવનાર છે, (અંધારી રાતના પર્દાને ફાડીને) સુબ્હને રોશન કરનાર છે, કયામતના દિવસનો બાદશાહ છે, દુનિયાઓનો પાલનહાર છે. (તમામ) વખાણ અલ્લાહ માટે છે તેની સહનશીલતા પર, બધુ જ જાણતો હોવા છતાં પણ.

અને (તમામ) વખાણ એ અલ્લાહના છે તેના માફ કરવા ઉપર, એ છતાં કે તે સંપૂર્ણ કુદરત રાખે છે. અને (તમામ) વખાણ અલ્લાહ માટે છે. તેના ગુસ્સામાં લાંબી ઢીલ મૂકવા બદલ (જેથી બંદો તૌબા કરી લે) જ્યારે કે તે જે કાંઇ ઇરાદો કરે છે, તે કરવા ઉપર સંપૂર્ણ કુદરત ધરાવે છે.(સઘળા) વખાણ અલ્લાહ માટે, (જે તમામ) મખ્લૂકનો સર્જનહાર (છે). રોઝીની વહેંચણી કરનાર સુબ્હને રોશન કરનાર. પ્રભાવશાળી (અને) માનવંત ફઝલવાળો અને નેઅમત આપનાર !

તે કે જે એટલો દૂર છે કે જોઇ પણ શકાતો નથી, અને એટલો નજદીક છે કે દરેક ભેદનો પણ ગવાહ છે. તે ઘણો બરકતવાળો અને સૌથી ઉચ્ચ છે. (સઘળા) વખાણ અલ્લાહ માટે છે, જેનો કોઇ હરીફ નથી કે તેનો મુકાબલો કરે અને તેની સમાન કોઇ નથી જે તેની જેવા કાર્યો કરે અને તેની મદદ કરનાર પણ કોઇ નથી કે જે તેનો સાથ આપે. તે પોતાની શકિત વડે તમામ શકિતશાળીઓ ઉપર ગાલીબ છે અને તેની ઉચ્ચતાના કારણે દરેક મોટાઓએ પોતાનું માથુ નમાવી દીધું છે. તે પોતાની કુદરત વડે ઇચ્છે ત્યાં સુધી પહોંચ કરી શકે છે.

(સઘળા) વખાણ અલ્લાહ માટે છે જેને બોલાવું છું તો (તુરંત) જવાબ આપે છે. અને મારા દરેક એૈબને ઢાંકી દે છે, જ્યારે કે હું તેની નાફરમાની કરૂં છું અને તે અમુલ્ય રીતે નેઅમતો અતા કરે છે, (છતાં) હું તેનો બદલો પણ નથી આપતો. કેટલીય મનગમતી નેઅમતો જે તેણે મને અતા કરી છે અને કેટલાય ચિંતાજનક કાર્યોમાં તે મારા માટે પૂરતો થઇ ગયો અને કેટલીય દિલકશ ખુશીઓ મને દેખાડી. તો હું તેની હમ્દ કરતાં કરતાં વખાણ કરૂં છું, અને તેને તસ્બીહ કરતાં કરતાં યાદ કરૂં છું.

(સઘળા) વખાણ અલ્લાહ માટે છે, જેની હુરમત તોડી શકાતી નથી અને જેના દરવાજાને બંધ કરવામાં નથી આવતા. જેની પાસે માંગનારને વંચિત (મહેરૂમ) રાખવામાં નથી આવતા અને જેની આશા રાખનારને નિરાશ કરવામાં નથી આવતો. (સઘળા) વખાણ અલ્લાહ માટે છે જે ડરેલાને સલામતી અતા કરે છે. નેક લોકોને નજાતના રસ્તા ખોલી આપે છે અને લાચારોને બુલંદી અતા કરે છે.અને અભિમાનીઓને પછાડી દે છે.અને માલિકો (બાદશાહો)ને હલાક કરી દે છે અને તેની જગ્યાએ બીજાને લઇ આવે છે. અને (સઘળા) વખાણ અલ્લાહ માટે છે જે બળવાનોને તોડી નાખનાર, ઝાલીમોને પરાસ્ત કરનાર, ભાગનારને પકડમાં લઇ લેનાર, ઝાલીમોને ઇબ્રતનાક સજા આપનાર, ફરીયાદીઓની ફરીયાદને સંતોષનાર છે. માંગણી કરનારની હાજતો પૂરી થવાનું સ્થાન છે. મોઅમીનો માટે ભરોસાપાત્ર મંજીલ છે.

(સઘળા) વખાણ અલ્લાહ માટે છે કે જેના ડરથી આસ્માન અને આસ્માનના રહેવાસીઓ કાંપે છે.અને જમીન તથા તેના રહેવાસીઓ ધ્રુજી રહયા છે.અને દરિયા અને તેની ઘનઘોર ઉંડાઇમાં વસનારા ધ્રુજે છે.

(દરેક) વખાણ અલ્લાહ માટે છે, જેણે આપણને હિદાયત (અલ્લાહની મઅરેફત) આપી. અને જો અલ્લાહે આપણને હિદાયત ન આપી હોત, તો કદાપિ આપણે હિદાયત ન પામત. (સઘળા) વખાણ છે એ અલ્લાહના જેણે (સર્વને) પેદા કર્યા અને તેને કોઇએ પેદા કરેલ નથી અને તે (સર્વને) રોઝી આપે છે અને તેને રોઝી આપવામાં આવતી નથી અને તે (બધાને) ખવડાવે છે અને તેને ખવડાવવામાં આવતુ નથી. અને તે જીવંતને મૌત આપે છે અને મુર્દાઓને જીવંત કરે છે અને તે એવો જીવંત છે જેને કદી મૌત નથી અને ભલાઇ ફકત તેના હાથમાં છે. અને તે દરેક ચીજ ઉપર સંપૂર્ણ કુદરત ધરાવે છે.

અય અલ્લાહ ! તારા બંદા, તારા રસુલ, તારા અમીન, તારા પસંદીદા અને તારા વહાલા મોહમ્મદ (સ.અ.વ.) ઉપર સલવાત મોકલ અને (જે) તારી મખ્લુકમાં સૌથી શ્રેષ્ઠ અને તારા રહસ્યોનું રક્ષણ કરનાર અને તારા સંદેશાને પહોંચાડનાર (છે.) એવી સલવાત જે બેહતરીન, શ્રેષ્ઠ, ખૂબસૂરત, સંપૂર્ણ, સૌથી પવિત્ર, પાકીઝા, બુલંદ,ઘણી વધારેં એવી સલવાત કે તે મોકલી હોય અને બરકત અતા કરી હોય અને રહમત નાઝીલ કરી હોય અને સલામ કરી હોય, કોઇપણ નબીઓમાંથી, રસૂલોમાંથી, પસંદ કરેલા બંદાઓમાંથી કે જે તારી મખ્લૂકમાંથી માનનીય હોય, જેની ઉપર નાઝીલ કરી હોય. અય અલ્લાહ ! સલવાત મોકલ અલી (અ.સ.) ઉપર જે મોઅમીનોના અમીર છે અને દુનિયાઓના પાલનહારના રસૂલના વારસદાર છે.(જે) તારા બંદા, તારા વલી, તારા રસુલ (સ.અ.વ.)નાં ભાઇ અને તારી મખ્લુક ઉપર તારી હુજ્જત છે. અને તારી મહાન નિશાની અને માનવંત ખબર છે. અને સલવાત મોકલ સૌથી સાચા પવિત્ર જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ઉપર જેઓ દુનિયાઓની (બધી) સ્ત્રીઓના સરદાર છે. અને સલવાત મોકલ રસૂલ (સ.અ.વ.)ના બંને નવાસા ઉપર, જેઓ હિદાયતના ઇમામ છે હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) (જેઓ) જન્નતના જવાનોના સરદાર છે. અને સલવાત મોકલ મુસલમાનોના ઇમામો (અ.સ.) પર, અલી ઇબ્ને હુસૈન (અ.સ.) ઉપર અને મોહમ્મદ ઇબ્ને અલી (અ.સ.) ઉપર અને જઅફર ઇબ્ને મોહમ્મદ (અ.સ.) ઉપર

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

અને મુસા ઈબ્ને જઅફર (અ.સ.) ઉપર અને અલી ઈબ્ને મુસા (અ.સ.) ઉપર અને મોહમ્મદ ઈબ્ને અલી (અ.સ.) ઉપર અને અલી ઈબ્ને મોહમ્મદ (અ.સ.) ઉપર અને હસન ઈબ્ને અલી (અ.સ.) ઉપર અને ઈમામોના વારસદાર, હાદી, મહદી (અ.સ.) ઉપર. જેઓ (બધા) તારા બંદાઓ ઉપર તારી હુજ્જત છે અને તારા શહેરોમાં તારા અમીન છે. (તેઓ દરેક ઉપર) અનંત અને નિરંતર સલવાત મોકલ.

અય અલ્લાહ ! અને સલવાત મોકલ તારા વલીએ અમ્ર પર જે કયામ કરનાર છે અને જેમની સાથે ઉમ્મીદ જોડાયેલી છે. અને તે ન્યાયી (ઈમામ) જેમની રાહ જોવામાં આવી રહી છે. અને તેમને મુકર્રબ (માનવંત) ફરિશ્તાઓ ઘેરાવમાં લઈ લે. અને રૂહુલ કુદુસ મારફત તેમની સહાય કર, અય દુનિયાઓના પરવરદીગાર ! અય અલ્લાહ ! તેમને તારી કિતાબ તરફ બોલાવનાર અને તારા દિનની સાથે કાયમ કરનાર બનાવ. તેમને જમીન પર એવી રીત ખલીફા બનાવી દે, જે રીતે તે અગાઉના લોકોને (પયગમ્બરો અને ઈમામોને) બનાવ્યા હતા. તેમના માટે આ દીન (ઈસ્લામ)ને સર્વોપરી બનાવી દે, જે દીનને તેમના માટે પસંદ કર્યો છે. તેમના ખૌફને અમન (શાંતિ) માં ફેરવી દે, જેથી ફકત તારી જ ઈબાદત થાય અને કોઈ ચીજને તારી શરીક બનાવવામાં ન આવે. અય અલ્લાહ ! તેમને શકિત અતા કર અને તેમના થકી બીજાઓને પણ શકિત અતા કર, અને તેમની મદદ કર અને તેમના થકી બીજાઓથી ઈન્તેકામ લે. અને તેમને અપરાજિત મદદ અતા કર અને તેમને આસાન અને સરળ વિજય અતા કર અને તેમને અતા કર તારા તરફથી મદદરૂપ સત્તા.

અય અલ્લાહ ! તેમના વડે તારા દીન અને તારા નબી (સ.અ.વ.)ની સુન્નતને જાહેર કર ત્યાં સુધી કે હક કોઈપણ મખ્લૂકથી તેના ડરના લીધે છુપાએલુ ન રહે. અય અલ્લાહ ! ખરેખર અમો તારી પાસે ઈઝઝતવાળા એ રાજયની ઈચ્છા ધરાવીએ છીએ, જેના વડે ઈસ્લામ અને ઈસ્લામવાળાને ઈઝઝત પ્રાપ્ત થાય અને નિફાક અને નિફાક રાખનારાઓ અપમાનિત થાય અને અમને તેમાં તારી ઈતાઅત તરફ બોલાવનાર અને તારા માર્ગના રહેબર બનાવી દે અને તેમના વડે અમને દુનિયા અને આખેરતની કરામત (ઈઝઝત) અતા કર. અય અલ્લાહ ! તે જે કાંઈ સત્ય (હક)ની મઅરેફત કરાવી તેને સ્વીકારી લેવાની શકિત અતા કર ! અને જેના સુધી અમે નથી પહોંચી શકયા, ત્યાં અમને પહોંચાડી દે.

અય અલ્લાહ ! તેમના (ઈમામ અ.સ.ના) વડે અમારા વિખેરાયેલા કાર્યોને સુવ્યવસ્થિત બનાવી દે અને અમારી તિરાડોને ભરી દે અને અમારા વિખેરાયેલા કાર્યોને ગોઠવી દે અને અમારી ઓછી સંખ્યાને વધારેમાં ફેરવ નાખ અને અમારી ઝીલ્લતને ઈઝઝતમાં ફેરવી દે. અને અમારી ગરીબીને અમીરીમાં ફેરવી દે અમારા કર્ઝને અદા કરી દે. અને અમારી ફકીરીને દૂર કરી દે. અમારી હાજતોને પૂરી કરી દે. અને અમારી તંગીને દૂર કરી દે અને અમારા ચહેરા નૂરાની બનાવી દે અને અમારા કૈદીઓને કૈદમાંથી મુકિત આપ અને અમારી માંગણીઓને સફળતા આપ અને અમારા વાયદાઓને પરિપૂર્ણ બનાવી દે અને અમારી દોઆઓને કબૂલ કર અને અમારી માંગણીઓને પૂરી કર. અને અમને અમારી દુનિયા અને આખેરતની ઉમ્મીદો સુધી પહોંચાડી દે અને અમારી અપેક્ષા કરતા ઘણુ વધારે અતા કર. જેની પાસે માંગણી કરવામાં આવે છે, તેમાં સૌથી શ્રેષ્ઠ ! અને અય સૌથી વધારે અતા કરનાર !

તેમના (ઈમામ અ.સ.ના) વડે અમારા દિલોને શિફા અતા કર અને તેમના વડે અમારા દિલોના ગઝબને દૂર કરી દે. જે હક (સત્ય) બાબતોમાં વિરોધાભાસ (ઈખ્તેલાફ) કરવામાં આવ્યો છે, તેમના વડે તારી પરવાનગીથી અમને હિદાયત આપ. બેશક તુ જેને ચાહો છો, તેને સીધા રસ્તા (સીરાતે મુસ્તકીમ)નું માર્ગદર્શન આપો છો. અને તેમના વડે અમને તારા અને અમારા દુશ્મનો સામે મદદ અતા કર. અય સાચા મઅબૂદ ! આમીન ! (અમારી દોઆઓ કબૂલ કર !)

અય અલ્લાહ ! ખરેખર અમો ફરીયાદ કરીએ છીએ તારા નબી (મોહમ્મદ સ.અ.વ.)ના ન હોવાની અને અમારા વલીની ગયબતની અને અમારા દુશ્મનો વધારે હોવાની અને અમારી સંખ્યા ઓછી હોવાની અને ફીત્નાઓ અત્યંત સખત હોવાની અને ઝમાનાના અમારી વિરૂધ્ધ એક થઈ જવાની. પછી! સલવાત મોકલ મોહમ્મદ (સ.અ.વ.) અને તેમના વંશજો પર અમારી મદદ કર એવી કામિયાબી વડે જે તુ અમને જલ્દી અતા કર. અમારા નુકસાનોને દૂર કરીને, એવી મદદ થકી જે પ્રભુત્વશાળી હોય અને હક (સત્ય) ના સામ્રાજય થકી જેને તુ જાહેર કર અને તારી રહમતના વસીલાથી તુ અમને તેમાં ઢાંકી દે અને આફેયત (સલામતી) વડે, જેના પોશાક તું અમને પહેરાવી દે તારી રહમત વડે, અય સૌથી વધારે રહમ કરનાર.

## ૩. માહે રમઝાનમાં દરરોજ રાત્રે પઢવાની દોઆ

અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

અય અલ્લાહ ! તારી રહમતના વાસ્તાથી અમને નેક બંદાઓમાં શામીલ કરી દે. અને જન્નતના દરજજાઓમાં અમને ઉચ્ચતા અતા કર. અને સલસબીલના ઝરણામાંથી મનગમતા પાણીના જામ વડે અમને તૃપ્ત કર. અને તારી રહમત થકી હુરૂલ

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ઇનમાંથી અમારી જોડી બનાવી દે. અને જન્નતના હંમેશા રહેવાવાળા નવયુવાન જાણે કે છુપાયેલા મોતી જેવા ખુબસુરત જન્નતના ખાદીમો અમારી સેવામાં લગાડી દે. અને જન્નતના ફળો અને પક્ષીઓના ગોશ્ત અમને ખવરાવ. અને અમને સુન્દોસ, રેશમ અને ઈસ્તબરકનો પોશાક પહેરાવ. અને કદ્રની રાત્રિ અને તારા પવિત્ર ઘરની હજ તથા તારી રાહમાં શહાદત પામવાની તવફીક અતા કર અને અમારી નેક દોઆઓ અને હાજતોને કબુલ કર. અને જયારે કયામતના દિવસે તું અવ્વલીન અને આખેરીનને ભેગા કરે, ત્યારે અમારી ઉપર રહમ કરજે. અને અમારા માટે જહન્નમથી છુટકારાની પરવાનગી લખી આપજે. અને અમને જહન્નમમાં કૈદ નહિં કરતો. અને ન તો તારા અઝાબ અને પસ્તાવામાં સપડાવજે. અને અમને ઝક્કુમ અને ઝરીઅ (ઝેરી અને કડવું ઘાસ) ન ખવડાવતો અને અમને શયતાનની સાથે ન ઠેરવજે. અને ન તો અમને જહન્નમમાં ઉંધા મોઢે નાખજે. અને ન તો અમને જહન્નમવાળાઓનો અને 'કતેરાન' નો પોશાક પહેરાવજે. અલ્લાહ કે તારા સિવાય બીજા કોઈ ખુદા નથી, તને મારી વહદાનિય્યતનો વાસ્તો, અમને તે દરેક બલાઓથી નજાત અતા કર.

## ૪. માહે રમઝાનમાં દરેક રાત્રે પઢવાની નમાઝ અને દરેક તારીખે પઢવાની દોઆ

પહેલી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

પહેલી રાતે ચાર રકાત નમાઝ સુન્નત છે. બે બે રકાત કરીને પડે. દરેક રકાતમાં અલ્હમ્દના સુરા બાદ પંદર વખત કુલ્હોવલ્લાહનો સુરો પડે, તો તેનો સવાબ એ છે કે ખુદા સિવાય કોઈ હીસાબ કરી શકે નહીં.

પહેલી તારીખે આ નીચેની દોઆ પડે તો ખુદાવંદે કરીમ તેને હજાર હજાર નેકી અતા કરે અને હજાર હજાર દરજજા બુલંદ કરે અને હજાર હજાર ગુનાહ માફ કરે.

અય મઅબુદ ! મેરા આજકા રોઝા હકીકી રોઝેદારોં જયસા કરાર દે. મેરી ઈબાદત કો પકકે ઈબાદત ગુઝારોં જયસી કરાર દે. આજ મુઝે ગાફિલ લોગોં જયસી નિંદ સે બેદાર કર દે. ઓર આજ મેરે ગુનાહ બખ્શ દે. અય જહાનોં કે પાલનેવાલે ઓર દરગુઝર કર મુઝસે અય ગુનેહગારોં સે દરગુઝર કરનેવાલે. બીજી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૨-જી રાતે ચાર રકાત નમાઝ સુન્નત છે. બબ્બે રકાત કરીને પડે. દરેક રકાતમાં અલ્હમ્દના સુરા પછી વીસ વખત ઈન્નાઅનઝલ્નાહનો સુરો પડે તો અલ્લાહ તેને બક્ષી આપે, રોજીમાં બરકત આપે અને તે વરસમાં તેના કામો આસાનીથી પુરા થાય.

૨-જી તારીખે નીચે લખેલી દોઆ પડે તો તેણે પોતાની ઉમરમાં જેટલા કદમ ઉપાડયા છે તેટલા વરસની ઈબાદતનો એવો સવાબ અતા કરે કે દિવસના રોઝા રાખ્યા હોય અને રાત્રે નમાઝ પડયો હોય.

અય મઅબુદ ! આજ કે દિન મુઝે અપની રઝાઓં કે કરીબ કર દે. આજ કે દિન મુઝે અપની નારાઝી ઓર અપની સઝાઓં સે બચાએ રખ. ઓર આજ કે દિન મુઝે અપની આયાત પઢને કી તવફીક દે. અપની રહેમત સે અય સબસે ઝિયાદા રહેમ કરનેવાલે.

ત્રીજી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૩-જી રાતના દસ રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલહમ્દની બાદ ૫૦ વખત કુલ્હોવલ્લાહનો સુરો પડે તો ખુદા તરફથી જહન્નમની આગથી આઝાદ થાય છે અને તેના માટે રહમતના દરવાજા ખુલ્લા મુકવામાં આવે.

૩-જી તારીખે નીચે લખેલી દોઆ પડે તો હકતઆલા તેના માટે જન્નતે ફીરદોસમાં સફેદ મોતીનું એક મકાન બનાવે કે તેના ઉપર સીત્તેર સીત્તેર હજાર ચમકતા નૂરવાળા ગુરફા હોય, દરેક ગુરફામાં સીત્તેર સીત્તેર હજાર તખત હોય, દરેક તખત ઉપર એક એક હુર હોય અને તેના માટે હંમેશા હજાર મલાએકા અલ્લાહ તરફથી હદીયો લાવે.

અય મઅબુદ ! આજ કે દિન મુઝે હોશ ઓર આગાહી અતા ફરમા. મુઝે હર તરહ કી નાસમઝી ઓર ભટકનેસે બચાયે રખ. ઓર મુજ કો હર ઉસ ભલાઈમેં સે હિસ્સા દે, જો આજ તેરી અતાઓંસે નાઝિલ હો,અય સબસે ઝિયાદા અતા કરનેવાલે.

ચોથી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૪-થી રાતના આઠ રકાત નમાઝ પડે. દરેક રકાતમાં અલહમ્દના સુરાની બાદ વીસ વખત ઈન્નાઅનઝલ્નાહનો સુરો પડે તો હક તઆલા તેના અઅમાલને તે રાતે પગયમ્બરોના અઅમાલની માફક બલંદ કરે.

૪-થી તારીખે નીચે લખેલી દોઆ પડે તો હક તઆલા જન્નતમાં સીત્તેર હજાર કુરસી અતા ફરમાવે કે દરેક કુરસી ઉપર એક હુર હોય.

અય મઅબુદ ! આજ કે દિન મુઝે કુવ્વત દે કે તેરે હુકમ કી તાઅમીલ કરૂં, ઈસમેં મુઝે અપને ઝિક્ર કી મિઠાસ કા મઝા અતા કર. આજ કે દિન અપને કરમસે મુઝે અપના શુક્ર અદા કરને કી તવફીક દે. મુઝે અપની નિગેહદારીયો પર્દાપોશી કી હિફાઝતમેં રખ. અય દેખનેવાલોં મેં ઝિયાદા દેખનેવાલે.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

પાંચમી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૫-મી રાતના બે રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલહમ્દની બાદ પચાસ પચાસ વખત કુલહોવલ્લાહનો સુરો પડે અને નમાઝ તમામ થયા પછી સો વખત સલવાત પડે તો હ.રસુલે ખુદા સ. ફરમાવે છે કે તેનો સવાબ એ કે જન્નતમાં હું જયાં રહું ત્યાં તે રહે.

૫-મી તારીખે નીચે લખેલી દોઆ પડે તો હકતઆલા જન્નતના હજાર મોટા પ્યાલા અતા ફરમાવે. દરેક પ્યાલામાં હજાર જાતનું ખાણું હોય.

અય મઅબુદ ! આજ કે દિન મુઝે બખ્શિશ માંગનેવાલોંમેં સે કરાર દે. આજ કે દિન મુઝે અપને નેકૂકાર ઈબાદત ગુંઝાર બંદો મેં સે કરાર દે ઓર આજ કે દિન મુઝે અપને નઝદીકી દોસ્તોંમે સે કરાર દે અપની મહોબ્બત સે, અય સબસે ઝિયાદા રહમ કરનેવાલે.

છઠ્ઠી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૬-ઠ્ઠી રાતના ચાર રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલહમ્દના સુરા પછી ''તબારકલ્લઝી''ની સુરો એક એક વખત પડે તેનો સવાબ એ છે કે તેણે શબેકદ્રની ફઝીલત અને ઈબાદત મેળવી હોય.

૬-ઠ્ઠી તારીખે નીચે લખેલી દોઆ પડે તો હક તઆલા તેને ચાલીસ હજાર શહેર અતા કરે, તે દરેક શહેરમાં ચાલીસ હજાર કુરસી એટલે તખ્ત હોય, તે દરેક કુરસીની લંબાઈ હજાર ગજની હોય, દરેક કુરસી ઉપર એક એક હુર હોય. તે દરેક હુરને હજાર વાળ હોય અને દરેક વાળ માટે એક એક ખીદમત કરનારી હોય.

અય મઅબુદ ! આજ કે દિન મુઝે છોડ ન દે કે તેરી નાફરમાનીમેં લગ જાઉં ઓર ન મુઝે અપને ગઝબ કા તાઝયાના માર. આજ કે દિન અપને એહસાનો નેઅમત સે મુઝે અપની નારાઝી કે કામોં સે બચાએ રખ. અય રગબત કરનેવાલોં કી આખરી ઉમ્મીદગાહ.

સાતમી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૭ -મી રાતના ચાર રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલહમ્દના સુરાની બાદ તેર તેર વખત ઈન્નાઅનઝલ્ના પડે તો તેના બદલામાં હકતઆલા જન્નતે અદનમાં સોનાનું એક મકાન તૈયાર કરે અને આવતા વર્ષ સુધી ખુદાની અમાનમાં રહે.

૭-મી તારીખે નીચેની દોઆ પડે તો હકતઆલા જન્નતમાં તેને એ નેઅમતો અતા કરે છે જે શહીદો, સઈદો અને અવલિયાને આપે.

અય મઅબુદ ! આજ કે દિન મુઝે રોઝા રખને ઈબાદત કરનેમેં મદદ દે. ઓર ઈસમેં મુઝે બેકાર કી બાતોં ઓર ગુનાહોં સે બચાએ રખ. ઓર ઈસમેં મુઝે યેહ તવફીક દે કે હંમેશા તેરે ઝિક્રો યાદમેં રહું, અય ગુમરાહોં કી હિદાયત દેનેવાલે.

આઠમી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૮-મી રાતના બે રકાત નમાઝ છે દરેક રકાતમાં અલહમ્દના સુરાની બાદ દસ વખત કુલ્હોવલ્લાહનો સુરો પડે નમાઝ પછી હજાર વખત ''સુબ્હાનલ્લાહે'' પડે તો જન્નતના આઠે દરવાજા ખુલ્લા થઈ જાય. જે દરવાજેથી ચાહે જન્નતમાં દાખલ થાય.

૮-મી તારીખે નીચે લખેલી દોઆ પડે તો હકતઆલા તેના અમલને હજાર સિદ્દીકના અમલની બરાબર બલંદ કરે.

અય મઅબુદ ! આજ કે દિન મુઝે યતીમોં પર રહેમ કરને, ઉનકો ખાના ખિલાને, ખુલે દિલ સબકો સલામ કહેને ઓર શરીફ લોગો કે પાસ બેઠનેકી તવફીક દે, અપને ફઝલસે. અય આરઝૂમંદો કી પનાહ.

નવમી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૯-મી રાતના મગરીબની નમાઝ પડવાની બાદ અને ઈશા પહેલાં છ રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલહમ્દના સુરાની બાદ સાત વખત ''આયતુલ કુરસી'' પઢે અને નમાઝ તમામ કર્યા બાદ પચાસ વખત સલવાત પઢે, તેનો સવાબ એ છે કે સિદ્દીકો શહીદો અને સાલેહોના અઅમાલની જેમ તેના અઅમાલને મલાએકા બલંદ કરે.

૯- મી તારીખે નીચેની દોઆ પડે તો ખુદાવંદે કરીમ તેને એ સવાબ આપે જે સવાબ બની ઈસરાઈલના પયગમ્બરોને આપ્યો છે.

અય મઅબુદ ! આજ કે દિન મુઝે અપની વસીઅ રહેમતમેં સે બહોત ઝિયાદા હિસ્સા દે. ઈસમેં મુઝકો અપને રોશન દલાઈલ કી હિદાયત ફરમા. ઓર મેરી મેહાર પકડ કે મુઝે અપની હમજહેતી રઝાઓં કી તરફ લે જા, અપની મહોબ્બત સે, અય મુશ્તાકોં કી આરઝૂ !

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

દસમી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૧૦- મી રાતના વીસ રકાત નમાઝ પડે અને દરેક રકાતમાં અલ્હમ્દની બાદ ત્રીસ ત્રીસ વખત કુલહોવલ્લાહની સુરા પડે તો ખુદા તેની રોજીમાં બરકત આપે અને ફાએઝીન તથા સાલેહીનમાંથી ગણે.

૧૦-મી તારીખ નીચેની દોઆ પડે તો તમામ ખલકત અને દરેક ચીજ તેના માટે દોઆ કરે.

અય મઅબુદ ! આજ કે દિન મુઝે ઉન લોગોંમેં રખ, જો તુઝ પર ભરોસા કરતે હૈ, ઈસમેં મુજે ઉનમેં કરાર દે જો તેરે હુઝુર કામિયાબ હય. ઓર ઈસમેં અપને એહસાનો કરમ સે મુઝે અપને નઝદીકી લોગોંમેં કરાર દે. અય તલબગારો કે મકસુદ !

અગીયારમી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૧૧ - મી રાતના બે રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલહમ્દના સુરાની બાદ વીસ વીસ વખત ઈન્નાઅનઝલ્નાહનો સુરો પડે તો તેનો સવાબ એ છે કે તે દિવસે તેના પર કોઈ ગુનાહ નહી લખાય.

૧૧- મી તારીખે નીચેની દોઆ પડે તો હજનો સવાબ છે. જે આપ હઝરત સ. ની સાથે કરેલ હોય અને તે હજ ૭૦ હજની બરાબર છે અને તેના માટે એ ઉમરાહ લખવામાં આવે કે જે અહલેબયત અ.ની સાથે કર્યો હોય કે તે પણ ૭૦ ઉમરાહની બરાબર છે.

અય મઅબુદ ! આજ કે દિન નેકી કો મેરે લિયે પસંદીદા બના દે. ઉસમેં ગુનાહો નાફરમાની કો મેરે લિયે ના પસંદીદા બના દે ઓર ઈસમેં ગયઝો ગઝબ કો મુજ પર હરામ કર દે, અપની હિમાયત કે સાથ. અય ફરિયાદીયોં કે ફરિયાદ રસ.

બારમી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૧૨-મી રાતના આઠ રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલહમ્દના સુરાની બાદ ત્રીસ વખત ઈન્ના અનઝલ્નાહ પડે તો શાકેરીનનો સવાબ તેને મળે અને કયામતના દિવસે સાલેહીનના દરજ્જામાં ગણાય.

૧૨-મી તારીખે નીચેની દોઆ પડે તો ખુદા તેના ગુજરેલા અને પછી થનારા ગુનાહ માફ કરી ગુનાહોને બદલીને નેકીઓ લખે.

અય મઅબુદ ! આજ કે દિન મુઝે પર્દે ઓર પાક દામની સે ઝીનત દે. ઈસમેં મુઝે કનાઅત (સંતોષ) ઓર ખુદદારી કે લિબાસ સે ઢાંપ દે. ઈસમેં મુઝે અદલ ઓર ઈન્સાફ પર આમાદા ફરમા. મુઝે અપની પનાહ કે સાથ ઉન ચીઝોં સે અમન દે, જિનસે ડરતા હું, અય ડરનેવાલોં કી પનાહ.

તેરમી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૧૩-મી રાતના ચાર રકાત નમાઝ પડે દરેક રકાતમાં અલહમ્દના સુરાની બાદ પચીસ વખત કુલ્હોવલ્લાહનો સુરો પડે તો ઈ.કયામતના દિવસે વીજળીની જેમ પુલેસેરાત પરથી પાર થઈ જાય.

૧૩-મી તારીખે નીચેની દોઆ પડે તો દરેક પથ્થર અને ઢેફાની ગણતરી જેટલી નેકીઓ ખુદા અતા ફરમાવે અને જન્નતમાં દરજ્જો બુલંદ કરે.

અય મઅબુદ ! આજ કે દિન મુજ કો મેલકૂચેલ (નજાસત) સે પાક સાફ રખ. ઈસમેં મુજકો મુકદ્દર શુદા મુશ્કેલાત પર સબ્ર અતા ફરમા. ઓર આજ અપની મદદ કે સાથ મુઝકો પરહેઝગારી ઓર નેકૂકારોં કે સાથ રહેને કી તવફીક દે. એ ગરીબોકી આંખો કી ઠંડક.

૧૪ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૧૪-મી રાતના છ રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલહમ્દની બાદ ત્રીસ વખત ''એઝાઝુલઝેલતિલ અર્ઝે''નો સુરો પડે તો હક તઆલા તેને સકરાતે મોત અને મુનકીરો નકીરની બીકથી બચાવે.

૧૪-મી તારીખે નીચેની દોઆ પડે તો એવું છે કે જાણે તેણે પયગમ્બરો અને સાલેહોની સાથે રોઝા રાખ્યા હોય.

અય મઅબુદ ! આજ કે દિન લગઝિશોં પર મેરી ગિરફત ન ફરમા. ઈસમેં મેરી ખતાઓં ઓર ફુઝૂલ બાતોં સે દર ગુઝર કર ઓર આજ કરાર ન દે મુઝકો મુશ્કિલોં ઓર મુસીબતોં કા નિશાના, બવાસ્તા અપની ઈઝઝત કે અય મુસલમાનોકી ઈઝઝત !

પંદર મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૧૫-મી રાતના ચાર રકાત નમાઝ છે. પહેલી બે રકાત નમાઝ પડે. તેમાં દરેક રકાતમાં અલહમ્દના સુરા બાદ સો સો વખત કુલહોવલ્લાહનો સુરો પડે. બીજી બે રકાત નમાઝ પડે તેમાં દરેક રકાતમાં અલહમ્દની બાદ પચાસ વખત કુલહોવલ્લાહનો સુરો પડે.

૧૫-મી તારીખે નીચેની દોઆ પડવી. કિતાબમાં સવાબ લખેલ નથી.

અય મઅબુદ ! આજ કે દિન મુઝે ખોફવાલોં અયસી ઈબાદત નસીબ કર. ઓર ઈસમેં દિલદાદા લોગોં અયસી બાઝગશી કે લિયે મેરા સીના ખોલ દે. અપની પનાહ કે સાથ અય ખોફઝદોં કી પનાહ.

સોળ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

૧૬- મી રાતના બાર રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલહમ્દના સુરા પછી અલ્હાકોમુત્તકાસોરો બાર વખત પડે. તેનો સવાબ એ છે કે કયામતના દિવસે કબરની અંદરથી બહાર નીકળે તે વખતે સચરાબ હોય અને કયામતની પ્યાસનો અસર તેને નહીં થાય અને બલંદ અવાઝથી કલમએ શહાદતચન પડતો બેહિસાબ જન્નતમાં પ્રવેશ કરે.

૧૬-મી તારીખે નીચેની દોઆ પડે તો હક તઆલા તેને એક ચમકતું નુર અતા કરે કે તે નુરના સબબથી રસ્તો ચાલે અને બે કપડાં પહેરવા માટે કરામત ફરમાવે. જન્નતની એક સાંઢણી ઉપર બેસાડે અને જન્નતની શરાબે તહુરા પીવરાવે.

અય મઅબૂદ ! આજ કે દિન મુઝે નેક લોગો સે સંગત કરનેકી તવફીક દે. ઈસમેં મુજકો બુરે લોગો કે સાથ સે બચાએ રખ. ઓર ઈસમેં અપની રહમતસે મુઝે દારૂલ કરારમેં જગા અતા ફરમા, બવાસ્તા અપની મઅબૂદીયત કે. અય જહાનોં કે મઅબુદ !

સત્તર મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૧૭-મી રાતના બે રકાત નમાઝ છે. પહેલી રકાતમાં અલહમ્દની પછી જોઈએ તે સુરા એક વખત પડે. બીજી રકાતમાં અલહમ્દની પછી સો વખત કુલહોવલ્લાહનો સુરા પડે. નમાઝ ખતમ થવા પછી સો વખત ''લાએલાહા ઈલ્લલ્લાહ '' પડે તો હક તઆલા હજાર હજાર હજ, હજાર હજાર ઉમરાહ અને હજાર હજાર જેહાદનો સવાબ અતા ફરમાવે.

૧૭-મી તારીખે નીચેની દોઆ પડે તો તે નુકશાન પામનારાઓમાંથી હોય તો પણ હક તઆલા બક્ષી આપે.

અય મઅબૂદ ! આજ કે દિન મુઝે નેક અમલ બજા લાને કી હિદાયત દે ઓર ઈસમેં મેરી હાજતેં ઓર ખવાહિશેં પૂરી ફરમા. અય વોહ જો ઈનકા સવાલ કરને ઓર ઉનકી તશરીહ કા મોહતાજ નહીં. અય ઉન બાતોં કે જાનનેવાલે, જો એહલે આલમ કે સીનોંમે હચ. રહમત નાઝિલ ફરમા મોહમ્મદ સ.અ.વ. ઔર ઉનકી પાકીઝા આલ પર.

અઢાર મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૧૮-મી રાતના ચાર રકાત નમાઝ પડે. દરેક રકાતમાં અલહમ્દની પછી પચીસ પચીસ વખત ''ઈન્ના અઅતયના'' નો સુરો પડે તો તેનો સવાબ એ છે કે મલેકુલ મૌત'' તેની રૂહ કબ્ઝ કરવા આવે ત્યારે તેને ખુશ ખબરી આપે કે હક તઆલા તારાથી રાઝી છે.

૧૮- મી તારીખે નીચેની દોઆ પડે તો હક તઆલા તેને હજાર પચગમ્બરોનો સવાબ આપે.

અય મઅબૂદ ! આજ કે દિન મુઝ કો ઈસ મહીને કી સહેરીચોં કી બરકતોં સે આગાહ કર. ઈસમેં મેરે દિલકો ઈસ કી રોશનીચોં સે ચમકા દે. ઓર ઈસમેં મેરે અઅઝા કો ઈસ માહ કે એહકામ પર અમલ કી તરફ લગા દે, બવાસ્તા અપને નૂર કે અય પહેચાનવાલોં કે દિલો કો રોશન કરનેવાલે.

ઓગણીસ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૧૯-મી રાતના પચાસ રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલ્હમ્દની પછી એક વખત ''એઝાઝુલ ઝેલતિલ અર્ઝ'' નો સુરો પડે.

૧૯-મી તારીખે નીચેન દોઆ પડે તો આસમાન અને ઝમીનના મલાએકા તેના માટે ઈસ્તિગફાર અને દોઆએ ખેર કરે.

અય મઅબૂદ ! આજ કે દિન ઈસ માહ કી બરકતોમેં મેરા હિસ્સા બઢા દે. ઈસ કી ભલાઈઓં કે લિચે મેરા રાસ્તા આસાન ફરમા ઓર મેરી નેકીચોં કી કબુલીચતમેં મુઝે મહેરૂમ ન કર. અય રોશન હક કી તરફ હિદાયત કરનેવાલે.

વીસ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૨૦-મી રાતના આઠ રકાત નમાઝ પડે. જોઈએ તે સુરો પડે મતલબ કે સુબ્હની માફક બબ્બે રકાત કરીને ચાર નમાઝ પઢે. હક તઆલા તેના ગુજરેલા તથા થવાવાળા ગુનાહ માફ કરી આપે.

૨૦-મી તારીખે નીચેની દોઆ પડે તો માહે રમઝાનમાં જેટલા શખ્સોએ રોઝા રાખ્યા હોય તેઓની ગણતરી પ્રમાણે સાઈઠ વર્ષની મકબુલ ઈબાદતનો સવાબ મળે અને તેની તરફ હજાર ફરીશ્તા મોકલે કે તેઓને દરેક જબ્બાર અને શચતાનની ઈજાથી બચાવે અને તેની તથા જહન્નમની વચ્ચે સિત્તેર ખંદકનો ફાસલો કરે અને એ ખંદકો આસમાન તથા ઝમીનના ફાસલા જેટલી મોટી હોય.

અય મઅબૂદ ! આજ કે મેરે લિચે જન્નત કે દરવાઝે ખોલ દે. ઈસમેં મુજ પર જહન્નમ કે દરવાઝે બંદ કર દે. ઓર ઈસમેં મુઝકો કૂરઆન પઢનેકી તવફીક દે. અય ઈમાનદારોં કે દિલોં કો તસલ્લી બખ્શનેવાલે.

એકવીસ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૨૧-મી રાતના પણ વીસમી રાતની માફક આઠ રકાત છે.

૨૧-મી તારીખે નીચેની દોઆ પડે તો હક તઆલા તેની કબ્ર નુરાની કરે. તેના ચહેરાને રવશન કરે અને પુલે સેરાત પરથી વીજળીની જેમ પસાર થઈ જાય.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

અય મઅબૂદ ! આજ કે દિન અપની રઝાઓં કી તરફ મેરી રહેનુમાઇ કા સામાન કર. ઈસમેં શયતાન કો મુજ પર કિસી તરહ કા ઈખ્તેયાર ન દે. ઓર જન્નત કો મેરા મકાન ઓર ઠિકાના કરાર દે. અય તલબગારોં કી હાજતેં પૂરી કરનેવાલે !

બાવીસ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૨૨-મી રાતના પણ ૨૧ મી રાત મુજબ આઠ રકાત નમાઝ પડે. તેનો સવાબ છે કે જોઇએ તે દરવાઝેથી જન્નતમાં પ્રવેશ કરે.

૨૨-મી તારીખે નીચેની દોઆ પડે તો અંતકાળના વખતે આસાની થાય. મુનકીરો-નકીરના સવાલ આસાન થાય. નેક તરીકા પર સાબિત કદમ રાખે.

અય મઅબૂદ ! આજ કે દિન મેરે લિયે અપને કરમ કે દરવાઝે ખોલ દે. ઈસમેં મુજ પર અપની બરકતેં ફરમા. ઈસમેં મુઝે અપની રઝાઓં કે ઝરાએઅ ઈખ્તેયાર કરને કી તવફીક દે ઓર ઈસમેં મુઝકો મરકઝે બેહિશ્તમેં સકૂનત ઈનાયત ફરમા. અય બેકરાર લોગોં કી દુઆએં કબૂલ ફરમાનેવાલે !

ત્રેવીસ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૨૩-મી રાતના પણ ૨૨મી રાત મુજબ આઠ રકાત નમાઝ પડે.

૨૩-મી તારીખે નીચેની દોઆ પડે તો હક તઆલા વીજળીની જેમ પયગમ્બરો અને સાલેહોની સાથે પુલે સેરાત ઉપરથી પાર ઉતારે.

અય મઅબૂદ ! આજ કે દિન મેરે ગુનાહોં કો ધો ડાલ, મેરે ઓયૂબો નકાઈસ મુઝસે દૂર ફરમા દે. ઓર ઈસમેં મેરે દિલ કો આઝમા કર એહલે તકવા કા દરજજા દે, અય ગુનેહગારોકી લગ્ઝીશો કો મુઆફ કરનેવાલે.

ચોવીસ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૨૪-મી રાતના પણ ૨૩ મી રાત મુજબ આઠ રકાત નમાઝ છે, તે પડે તો હજ અને ઉમરાનો સવાબ મળે.

૨૪-મી તારીખે નીચેની દોઆ પડે તો હક તઆલા તેના અંગ અને માથાના વાળની ગણતરી મુજબ દરેક વાળે હજાર હજાર ખાદીમ અને ગુલામ, યાકુત અને મરજાન જેવા અતા ફરમાવે.

અય મઅબૂદ ! આજ કે દિન મેં વોહ ચીઝ માંગતા હું, જો તુઝે પસંદ હય. ઓર ઉસ ચીઝસે તેરી પનાહ લેતા હું જો તુઝે નાપસંદ હય. ઓર ઈસમેં તુઝસે તવફીક માંગતાં હું તા કે મે ફરમાંબરદારી કરૂં ઓર તેરી નાફરમાની ન કરૂં. અય સાઈલોં કો બહોત અતા કરનેવાલે !

પચ્ચીસ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૨૫-મી રાતના આઠ રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલ્હમ્દના સુરા પછી દસ દસ વખત કુલ્હોવલ્લાહનો સુરો પડે.

૨૫-મી તારીખે નીચેની દોઆ પડે તો તેને ખુદા જન્નતમાં સો મકાન અતા કરે તે દરેક મકાનમાં ખયમો હોય.

અય મઅબૂદ ! આજ કે દિન મુઝે અપને દોસ્તોં કા દોસ્ત કરાર દે. ઓર અપને દુશ્મનોં કા દુશ્મન શુમાર કર. નીઝ મુઝે અપને નબીયોં કે ખાતિમ કી સુન્નત પર કાએમ કરાર દે, અય નબીયોં કે દિલોં કી નિગેહદારી કરનેવાલે !

છવ્વીસ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૨૬-મી રાતના આઠ રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલહમ્દના સુરા પછી સો સો વખત કુલ્હોવલ્લાહનો સુરા પડે.

૨૬-મી તારીખના આ દોઆ પડે તો અલ્લાહ ફરમાવે છે બંદા ! તું ડર નહીં અને ગમગીન થા નહીં કેમ કે મેં તને આજે બક્ષી આપ્યો.

અય મઅબૂદ ! આજ કે દિન મેરી કોશિશ કો પસંદીદા કરાર દે. ઈસમેં મેરે ગુનાહ કો મુઆફ શુદા, ઈસમેં મેરે અમલ કો કબુલ શુદા ઓર ઈસમેં મેરે અયબ કો છૂપા હૂવા કરાર દે. અય સબસે ઝિયાદા સુનનેવાલે !

સત્યાવીસ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ

૨૭-મી રાતના ચાર રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલ્હમદના સુરા પછી 'તબારકલ્લઝી' નો સુરો એક એક વખત પડે અગર એ સુરો યાદ ન હોય તો પચીસ પચીસ વખત કુલ્હોવલ્લાહનો સુરો પડે તેનો સવાબ એ છે કે તેને તથા તેના મા-બાપને અલ્લાહ બક્ષી આપે.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

૨૭-મી તારીખે નીચેની દોઆ પડે તો એવું છે કે જાણે તેણે દરેક ભુખ્યાને ખાણું ખવરાવ્યું, દરેક પ્યાસાને પાણી પીવરાવ્યું અને દરેક મોઅમિન અને મોઅમેનાની તઅઝીમ કરી.

અય મઅબૂદ ! આજ કે દિન મુઝે શબેકદર કા ફઝલ નસીબ ફરમા દે. ઈસમેં મેરે મુઆમલોં કો મુશ્કિલસે આસાન બના દે. ઓર મેરા ઉઝરો મઅઝેરત કબૂલ કર લે ઓર મેરા ગુનાહ મુઆફ ઓર બોઝ દૂર કર દે. અય અપને નેકૂકાર બંદો કે સાથ મહેરબાની કરનેવાલે.

**અઠયાવીસ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ**

૨૮-મી રાતના છ રકાત નમાઝ પડે. દરેક રકાતમાં અલ્હમદના સુરા પછી દસ દસ વખત 'આયતુલ કુરસી ', 'ઈન્ના આતયના કલ્કવસર' અને કુલ્હોવલ્લાહ' પડે અને સલામ પછી સો વખત સલવાત પડે. તેના બદલામાં અલ્લાહ તઆલા બક્ષી આપે.

૨૮-મી તારીખે નીચેની દોઆ પડે તો હક તઆલા જન્નતમાં પુષ્કળ ભાગ અને હિસ્સો અતા ફરમાવે કે અગર તેનો દાખલો આપે તો ચાલીસ હજાર દુનિયાની બરાબર થાય.

અય મઅબુદ ! આજ કે દિન નાફેલા ઈબાદતસે મુઝે બહોત ઝિયાદા હિસ્સા દે. ઈસમેં મુઝે મસાઈલે દીન યાદ કરને કી ઈઝઝત દે. ઓર ઈસમેં તમામ વસીલોં મેં સે મેરે વસીલો કો અપને હુઝુર મે કરીબતર ફરમા. અય વોહ ઝાત, જિસે ઈસરાર કરનેવાલોં કા ઈસરાર દૂસરોંસે ગાફિલ નહીં કરતા.

**ઓગણત્રીસ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ**

૨૯- મી રાતના બે રકાત નમાઝ છે. દરેક નમાઝમાં અલ્હમ્દ પછી વીસ વીસ વખત કુલ્હોવલ્લાહનો સુરો પડે. તેનો બદલો એ મળે કે રહમત કરેલા લોકોમાંથી ગણાય અને ઈલ્લીયીનમાં તેના અઅમાલ બલંદ કરે.

૨૯- મી તારીખના નીચેની દોઆ પડે તો હકક તઆલા તેને સોના, રૂપા અને ઝમરૂદના હજાર શહેર અતા કરે.

અય મઅબુદ ! આજ કે દિન મુઝે રહેમતસે ઢાંપ દે. ઈસમેં મુઝે નેકી કી તવફીક, ઓર બૂરાઈસે તહફ્ફુઝ નસીબ ફરમા. ઓર મેરે દિલકો તોહમત તરાશી કી તારીકીયોં સે પાક કર દે. અય ઈમાનદાર બંદો પર બહોત મહેરબાન !

**ત્રીશ મી તારીખે પઢવાની નમાઝ તથા દોઆ**

૩૦-મી રાતના બાર રકાત નમાઝ છે. દરેક રકાતમાં અલ્હમ્દ પછી વીસ વીસ વખત 'કુલ્હોવલ્લાહ'નો સુરો પડે અને સલામની પછી સો વખત સલવાત પડે તો હકક તઆલા રહમતની સાથે તેનો ખાતમો કરે.

૩૦-મી તારીખે આ દોઆ પડે તો પયગમ્બરો જેવી તેની ઈઝઝત કરે.

અય મઅબુદ ! મેરે ઈસ માહ કે રોઝોં કો પસંદીદા ઓર કબૂલ કીએ હૂએ કરાર દે. ઈસ સૂરતમેં જિસ કો તૂ ઓર તેરા રસૂલ પસંદ ફરમાતા હય. કે ઉસ કે ફુરૂઅ, ઉસ કે ઉસૂલસે પુખ્તા તઅલ્લુક રખતે હોં, બવાસ્તા હમારે સરદાર હઝરત મોહમ્મદ સ.અ.વ. ઓર ઉનકી પાકીઝા આલ કે. ઓર હમ્દ હય ખુદા કે લિયે જો જહાનોં કા રબ હય.

## ૫.ઝિયારતે આલે યાસીન

શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

આલે યાસીન ઉપર દોરૂદ અને સલામ. સલામ થાય આપ ઉપર અય અલ્લાહની તરફ બોલાવનાર અને અય અલ્લાહના સર્જનોના સરપરસ્ત અને ઉછેર કરનારા. સલામ થાય આપ ઉપર અય ખુદાના દરવાજા તથા તેના દીનનું રક્ષણ કરનારા, સલામ થાય આપ ઉપર અય અલ્લાહના ખલીફા અને તેના હકના હિમાયતી અને મદદગાર. સલામ થાય આપ ઉપર અય અલ્લાહની હુજ્જત અને તેના ઈરાદાઓની તરફ માર્ગદર્શન કરનાર. સલામ થાય આપ ઉપર અય અલ્લાહની કિતાબની તિલાવત કરનાર અને તેનું અર્થઘટન કરનાર. સલામ થાય આપ ઉપર રાતના સમય ગાળામાં અને દિવસની દરેક ઘડીએ સલામ થાય આપ ઉપર અય જમીન ઉપર અલ્લાહની બાકી હુજ્જત. સલામ થાય આપ ઉપર અય અલ્લાહના વાયદા અને વચન, જે ખુદાએ (બંદાઓ) પાસેથી લીધું છે અને તેની તાકીદ કરી છે. સલામ થાય આપ ઉપર અય ખુદાના વાયદા, જેની જામીનગીરી ખુદ ખુદાએ લીધી છે. સલામ થાય આપ ઉપર અય સ્થાપિત કરાયેલ પરચમ અને તે ઈલ્મ જેને વહાવવામાં આવ્યું અને ફરીયાદે પહોંચનાર અને વિશાળ રહમત અને અલ્લાહનો વાયદો કે જેની વાયદા ખિલાફી નથી થતી. સલામ થાય આપ ઉપર જયારે આપ ઉભા થાવ. સલામ થાય આપ ઉપર જયારે આપ બેસો. સલામ થાય આપ ઉપર જે સમયે આપ (કુરઆને પાકની) કીરઅત કરો છો અને (તેની તફસીર) બયાન ફરમાવો.સલામ થાય આપ ઉપર જયારે આપ નમાઝ પઢી રહ્યા હો અને કુનુતમાં દોઆ માંગી રહ્યા હો. સલામ થયા આપ ઉપર જયારે આપ રૂકુઅ અને સજદહ કરો છો. સલામ થયા આપ ઉપર જયારે આપ તહલીલ અને તકબીર કહો છો સલામ થાય આપ ઉપર જયારે આપ હમ્દ અને ઈસ્તીગ્ફાર કરો છો સલામ થાય આપ ઉપર જયારે આપની સવાર અને સાંજ

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

પડે છે. સલામ થાય આપ ઉપર જયારે રાત્રી છવાય જાય છે અને દિવસ પ્રકાશિત હોય છે. સલામ થાય આપ ઉપર અય સુરક્ષિત ઈમામ. સલામ થાય આપ ઉપર અય તમામ દુનિયાઓના સર્જનોની સૌથી પહેલી (અગ્રેસર) અને અતૂટ આશા. સલામ થાય આપ ઉપર સલામના બધા પ્રકારો સાથે.

હું તમને ગવાહ બનાવું છું અય મારા આકા ! હું ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ ખુદા નથી તે એક છે, તેનો કોઈ ભાગીદાર નથી અને એ કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) તેના બંદા અને તેના રસુલ છે, નથી કોઈ હબીબ (ચહીતા) સિવાય તેમના અને તેમના એહલેબય્તના અને તમને ગવાહ બનાવું છું. અય મારા મવલા ! કે અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) તેની હુજજત છે અને હસન (અ.સ.) તેની હુજજત છે અને હુસયન (અ.સ.) તેની હુજજત છે અને અલી ઈબ્ને હુસયન (અ.સ.) તેની હુજજત છે અને મોહમ્મદ ઈબ્ને અલી (અ.સ.) તેની હુજજત છે અને જઅફર ઈબ્ને મોહમ્મદ (અ.સ.) તેની હુજજત છે અને મુસા ઈબ્ને જઅફર (અ.સ.) તેની હુજજત છે અને અલી ઈબ્ને મુસા (અ.સ.) તેની હુજજત છે અને મોહમ્મદ ઈબ્ને અલી (અ.સ.) તેની હુજજત છે અને અલી ઈબ્ને મોહમ્મદ (અ.સ.) તેની હુજજત છે અને હસન ઈબ્ને અલી (અ.સ.) તેની હુજજત છે અને હું ગવાહી આપું છું કે તમે અલ્લાહની હુજજત છો, તમે જ પ્રથમ અને અંતિમ છો અને તમારૂં પાછુ ફરવું હક છે તેમાં કોઈ શક નથી. તે દિવસે ઈમાન લાવવું કોઈ ફાયદાકારક નહિં હોય, જે તે અગાઉ ઈમાન નહિં લાવ્યો હોય અથવા ઈમાન હેઠળ નેકીના કાર્યો નહિં કર્યા હોય.

અને ખરેખર મૃત્યુ હક છે અને ખરેખર મુન્કીર અને નકીર હક છે. હું ગવાહી આપું છું કે નશ્ર (કબ્રમાંથી બહાર ફેલાઈ જવું) હક છે અને ફરી ઉઠાવવું હક છે અને ખરેખર સેરાત હક છે અને મિરસાદ (રાહ) હક છે અને મિઝાન (આમાલનું ત્રાજવું) હક છે અને હશ્ર હક છે અને હિસાબ હક છે અને જન્નત અને જહન્નમ હક છે અને વાયદો અને ચેતવણી હક છે.અય મારા મવલા! બદબખ્ત એ છે કે જેણે આપનો વિરોધ કર્યો અને ખુશકિસ્મત એ છે કે જેણે આપની તાબેદારી કરી આપ સાક્ષી બની જાવ તેની ઉપર જેની ઉપર મેં આપને સાક્ષી બનાવ્યા છે. હું આપનો દોસ્ત છું અને આપના દુશ્મનોથી દુર છું. બસ હક એ છે જેનાથી આપ રાજી છો અને બાતીલ એ છે જેનાથી આપ નારાજ છો. નેકી એ છે જેનો આપે હુકમ આપ્યો અને 'મુન્કર' એ છે જેની આપે મનાઈ કરી. મારો નફસ ઈમાન ધરાવે છે, અલ્લાહ ઉપર જે એક છે અને જેનો કોઈ ભાગીદાર નથી અને તેના રસુલ (સ.અ.વ.) ઉપર અને અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ઉપર અને તમારા ઉપર, તમારા પહેલા ઉપર અને તમારા છેલ્લા ઉપર. આપના માટે મારી મદદ હાજર છે અને મારી મોહબ્બત તમારા માટે નિખાલસ છે.

અય ખુદા અમારી દોઆ કબુલ ફરમાવ, કબુલ ફરમાવ.

ત્યાર પછી આ દોઆ પઢે

અય મઅબુદ ! ખરેખર હું સવાલ કરૂં છું, તારાથી કે તું રહમત નાઝીલ કર તારા નબી હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ઉપર કે જેઓ રહમત અને બરકતવાળા છે અને તારા નુરાની કલેમા છે તથા મારા દિલને યકીનના નૂરથી અને મારા સીનાને ઈમાનના નુરથી ભરી દે મારા દિમાગને પ્રકાશિત નિય્યત, મારા ઈરાદાને ઈલ્મના નૂરથી ભરી દે અને મારી શકિતને અમલના નૂર તથા મારી જીભને સચ્ચાઈના નૂરથી ભરી દે અને મારા મઝહબને તારા તરફથી નસીહતના નૂર વડે ભરી દે. મારી આંખોને નૂરની ચમક, મારા કાનને હિકમતના નૂરથી ભરી દે અને મારી દોસ્તીને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલની મોહબ્બતના નૂરથી ભરી દે ત્યાં સુધી કે તારી મુલાકાત કરૂં ત્યારે તારા વાયદા અને અહદને પૂર્ણ કરેલો હોય બસ તારી રહમતથી મને ઘેરી લે. અય વલી, અય વખાણવાળા, અય મઅબુદ રહમત નાઝીલ કર મોહમ્મદ મહદી (અ.ત.ફ.શ.) ઉપર જેઓ તારી જમીનમાં તારી હુજજત છે અને તારા શહેરોમાં તારા ખલીફા છે તથા તારા રસ્તા તરફ બોલાવનારા છે. તારી અદાલત ઉપર અડગ રહેનારા, તારા હુકમ વડે બદલો લેનારા મોઅમિનોના વલી (સરપરસ્ત) અને કાફીરો માટે મૃત્યુનો સંદેશો છે. અંધકારમાં પ્રકાશ ફેલાવનારા અને હકને ઉજાગર કરનારા હિકમત અને સચ્ચાઈ વડે બોલનારા, તારી જમીનમાં તારા સંપૂર્ણ કલેમા, ડરવાવાળાઓનું રક્ષણ કરનારા અને નસીહત કરનારા વલી, નજાત અપાવવાળી કશ્તી અને માર્ગદર્શન કરનારા પરચમ તથા લોકોની આંખોનું નૂર છે. તેઓ ચાદર અને પહેરણ પહેરનારાઓમાં સર્વશ્રેષ્ઠ છે તથા અંધને આંખો આપવાવાળા, તેઓ જ છે કે જેઓ જમીનને અદ્લ અને ઈન્સાફથી ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલ હશે. ખરેખર તું દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવો છો. અય મઅબુદ ! તું રહમત નાઝીલ કર તારા વલી ઉપર અને તારા વલીઓના ફરઝંદ ઉપર કે જેમની ઈતાઅત તે જરૂરી ઠેરવી છે અને જેમનો હક તે વાજીબ કર્યો છે તથા તેઓથી નાપાકીઓ દુર રાખી છે અને તેઓને પાક રાખ્યા છે, ખુબ પાક અય મઅબુદ ! તેમની (ઈમામે ઝમાના અ.ત.ફ.શ.ની ) મદદ કર, તેમના વડે તારા મઝહબને સર્વોપરીતા અતા કર અને તેમના વડે તારા દોસ્તો, તેમના દોસ્તો અને તેમના શીઆઓ તથા મદદગારોને કુવ્વત અતા કર. તેમજ અમોને તેઓમાંથી કરાર દે. અય મઅબુદ ! તેમની હિફાઝત કર. દરેક પ્રકારના શર્રથી તથા મારી મખ્લુકના શર્રથી તેમનું રક્ષણ કર તેમની આગળથી તથા પાછળથી તેમજ જમણી અને ડાબી બાજુએથી તેમનું રક્ષણ કર અને તેમને બચાવી રાખ કે કોઈપણ તેમને કંઈ તકલીફ પહોંચાડે. તેમનું રક્ષણ કર, તારા રસુલનું અને તેમની આલનું રક્ષણ કર. તે અંતિમ ઈમામ વડે અદ્લને જાહેર કરી દે અને તારી મદદ વડે તેમને

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

શકિતશાળી બનાવ. તેમના મદદગારોની મદદ કર. તું તેઓને છોડી દે જેઓ તેમને (ઈમામને) છોડી દે. તેમને કમઝોર કરવાવાળાની કમરને તોડી નાખ. તેમના વડે કુફ્રના સરદારોને પરાસ્ત કરી દે. તેમની તલ્વાર વડે તમામ કાફીરો, મુનાફીકો અને વિધર્મીઓને કત્લ કરાવી નાખ. તેઓ જયાં પણ હોય જમીનના પૂર્વમાં કે પશ્ચિમમાં, મયદાનોમાં હોય કે સમુદ્રોમાં, તેમના વડે જમીનને અદ્‌લથી ભરી દે તથા તારા નબીના મઝહબને સર્વોપરીતા આપી દે, અલ્લાહ રહમત કરે તેમના ઉપર તથા તેમની આલ ઉપર અય મઅબુદ ! અમને ઈમામ મહદી (અ.ત.ફ.શ.)ના મદદગારોમાં, સાથીદારોમાં, તેમનું અનુકરણ કરનારાઓમાં તથા તેમના શીઆઓમાં કરાર દે તથા અમને દેખાડ આલે મોહમ્મદ (અ.સ.)ના બારામાં જેઓની તેઓ તમન્ના રાખે છે તથા તેમના દુશ્મનોમાં જેનાથી તેઓ દુર રહે છે, અય મઅબુદ ! આમજ થાય અય જલાલ અને બુઝુર્ગીવાળા, અય રહમ કરનારાઓમાં સર્વશ્રેષ્ઠ રહમ કરનાર.

## ૬. દોઆએ અહદ

રિવાયત છે કે જે માણસ ૪૦ દિવસ સવારના આ દોઆ પઢે તે અમારા કાએમ (અ.સ.) ના દોસ્તો અને કુરબાન થનારાઓ ગણાશે. જો ઝહુરથી પહેલા તે મૃત્યુ પામશે તો ખુદા તેને કબરમાંથી બહાર કાઢશે. જેથી તે ઈમામની ખીદમતમાં રહે. ખુદા દરેક શબ્દના બદલામાં એક હજાર નેકીઓ આપશે અને એક હજાર ગુનાહ માફ કરશે.

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે દયાળુ અને ભલુ કરનાર છે.

એ પરવરદિગાર ! એ ભવ્ય નુરના માલિક ! એ બુલંદ આસમાનના માલિક ! એ ઘુઘવાતા દરિયાના રબ ! એ તૌરેત અને ઈન્જીલ અને ઝબુરને ઉતારનાર ! એ સૂરજ અને છાંયડાના પરવરદિગાર ! એ કુરઆને અઝીમને ઉતારનાર ! એ ખાસ મલાએકાઓના અને નબીઓ અને રસુલોના પરવરદિગાર ! એ ખુદા મારો સવાલ તારી કરીમ જાત અને તારા પ્રકાશિત નુરના વાસ્તાથી છે અને તારા અનંત મુલ્કના વસીલાથી. એ જીવંત અને હંમેશા રહેનારા અને મારો સવાલ તારા એ નામથી કે જેનાથી આસમાન અને જમીન પ્રકાશિત છે અને તારા નામ થકી પ્રથમ અને અંતિમના કામના સુધારા થાય છે. એ દરેક જીવંતની પહેલા જીવતા અને દરેક જીવંતની પછી જીવતા રહેનારા, એ સમયના માલિક જયારે કોઈ જીવતું ન હતું, એ મૃત્યુ પામનારને જીવન અને જીવતા રહેનારને મોત આપનાર. એ હંમેશા જીવંત રહેનાર ખુદા જેની સિવાય બીજો કોઈ ખુદા નથી.

અમારા મવલા ઈમામ હાદી મહદી અ.સ. જે તારા હુકમની સાથે કયામ કરનારા છે તેમના અને તેમના પવિત્ર પૂર્વજો ઉપર સલવાત. પૂર્વ અને પશ્ચિમના સૌ મોઅમીન પુરૂષો અને સ્ત્રીઓ અને રણો અને પર્વતો અને જમીન અને પાણીના બધા રહેનારાઓ અને મારી અને મારા માં-બાપની તરફથી એવી સલવાત પહોંચાડી દે જે અલ્લાહના અર્શના વજન અને અલ્લાહનાં કલમાઓની શાહી બરાબર હોય...અને જેને અલ્લાહના ઈલ્મે ઘેરી લીધેલ છે, અને પરવરદિગારની કિતાબે પણ ઘેરી લીધેલ છે.

એ ખુદા ! હું આજની સવારે અને જયા સુધી હું જીવતો રહું ત્યાં સુધી દરરોજ સવારે તેમની બયઅતનુ વચન આપું છું અને તેમની આ બયઅત મારી ગરદન ઉપર છે, જેનાથી ન હઠી શકું છું ન જુદો પડી શકું છું, અને હંમેશા તેના ઉપર સાબિત કદમ રહીશ. એ ખુદા ! મને તેના ઉપર નિસાર થનારાઓમાં અને દોસ્તોમાં, તેમની સાથે વફાદારી કરનારાઓ, તેમની માંગણીઓને પુરી કરવામાં ઝડપથી કામ કરનારાઓ, તેમના હુકમનું પાલન કરનારાઓમાં, તેમના તરફથી વફાદારી કરનારાઓમાં, તેમના હેતુઓને પુરા કરનારા અને તેમની સામે શહીદ થનારાઓમાં ગણતરી કર. એ ખુદા ! જો તેમના અને મારા વચ્ચે મૃત્યુ આવી જાય, જેને તેં તારા બંદાઓ માટે નિશ્ચિત કરેલ છે, તો તું મને કબરમાંથી એવી રીતે બહાર કાઢજે કે કફન પહેરેલુ હોય, તલ્વાર ખેંચેલી હોય, ભાલો ઉપાડેલો હોય અને દરેક તબકકે અલ્લાહ તરફ દઅવત દેનારની અવાજ ઉપર લબ્બયક કહી રહ્યો હોઉં. ખુદાયા ! શહેર અથવા બીજી જગ્યાએ અમને તે સુંદર દ્રશ્ય અને તે પ્રકાશિત ચહેરો દેખાડી દે અને અમારી આંખોમાં તેમના દિદારનો સુરમો લગાડી દે. તેમના ઝુહુરમાં જલ્દી કર. તેમના ઝહુરમાં આસાની કરી દે. તેમના રસ્તાઓને વિશાળ બનાવી દે અને અમને તેમના રસ્તા ઉપર ચલાવ. તેમના હુકમને બહાર પાડી દે. તેમની પીઠને મજબુત બનાવી દે. તેમના થકી શહેરોને આબાદ કરી દે અને બંદાઓને જીંદગી આપી દે કે તે ખુદ કહ્યું છે અને તારો કોલ બરહક છે કે ફસાદ જમીન અને દરિયામાં ચારે તરફ જાહેર થઇ ગયો છે લોકોના આમાલના કારણે. તેથી ખુદાયા ! હવે તું અમારા માટે તારા વલી, તારા નબી (સ.અ.વ.)ની પુત્રીના લાલ, તારા રસુલના નામવાળાને જાહેરમાં લઈ આવ. જેથી તેમની સામે કોઈ બાતીલ ન આવે જેનો નાશ ન કરે અને કોઈ હક ન આવે જેને સાબિત ન કરી દે અને ખુદાયા ! તેમને તારા મઝલુમ બંદાઓ માટે ફરિયાદરસ અને નિરાધાર લોકો માટે મદદગાર બનાવી દે કે જેઓ તારી સિવાય કોઈને મદદગાર જોતા નથી. તેમને તારી કિતાબના સુસ્ત હુકમોને જીવંત કરનારા અને દીનના પડી ગયેલા પરચમોને સંભાળનારા, તારા નબી (તેમના ઉપર અને તેમની આલ ઉપર સલવાત) ની સુન્નતને સક્રિય કરનારા નિયુકત કર. ખુદાયા તેમને તે લોકોમાં નિયુકત કર, જેને તે ઝાલીમોની બુરાઈથી બચાવ્યા છે. ખુદાયા ! તારા રસુલ હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ આલેહને તેમના દિદારથી ખુશ કરી દે અને તે લોકોને પણ ખુશ કરી દે, જે તેમના આમંત્રણથી

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

તેમનુંઅનુસરણ કરે. ખુદાયા ! તેમની ગયબતમાં અમારી બેકસી ઉપર રહમ કર. એ ખુદા આ ઉમ્મતના દુઃખ દર્દોને તેમની હાજરીથી દૂર કરી દે અને અમારા માટે તેમના ઝુહુરમાં જલ્દી કર જેને વિરોધીઓ ઘણું દૂર સમજે છે પરંતુ અમે ઘણું નજદિક માનીએ છીએ. તારી રહમતના સહારે એ સર્વશ્રેષ્ઠ રહમ કરનારા.

(જમણા સાથળ ઉપર હાથ મારે અને દરેક વખતે કહે)

એ મારા મવલા ! એ સાહેબુઝઝમાન જલ્દી આવો જલ્દી આવો.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com